# હવે નિમણૂંક પામશે માહિતીસભર પણ કૌશલ્ય વિહીન શિક્ષકો !

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં શિક્ષણક્ષેત્ર ચર્ચાનો વિષય બની રહ્યો છે. એક રીતે જોતાં આ બાબત વિકસિત સમાજની નિશાની ગણી શકાય. જેમાં પ્રચાર માધ્યમો અને વાલીની જાગૃતતા પણ ડોકાઇ આવે છે. જે સમાજમાં શિક્ષણ અંગે સતત ચિંતન થતું હોય તે સમાજ ખૂબ જ ઝડપથી પ્રગતિ હાંસલ કરે છે. આવા સમાજની ભવિષ્યની પેઢી વધુ સમૃદ્ધ અને વધુ મૂલ્યવાન અને વધુ બળવાન હશે. જયાં ચિંતન થતું હોય છે, ત્યાં ચિંતા પણ થતી હોય છે. આ ચિંતામાં ક્યારેક ચિંતન ભૂલાઇ પણ જાય છે. ચિંતાને કારણે ક્યારેક ખોટા નિર્ણયો પણ લેવાઇ જતાં હોય છે. એવું હમણાથી આપણા ગુજરાત રાજ્યમાં બની રહ્યું છે. સરકાર અને સમાજ શિક્ષણવિષયક ચિંતા અને ચિંતન કરે તે સારી બાબત છે, પણ ઉતાવળીયું ચિંતન અને વધુ પડતી ચિંતાને કારણે નબળા નિર્ણયો લેવાઇ જાય છે. જેનો ભોગ ભવિષ્યના સમાજે ભોગવવો પડશે. આવું જ કાંઇ આપણી સરકાર દ્વારા થઇ ગયું !

પી.ટી.સી. કોલેજમાં પાટણકાંડ બન્યો. જે આપણા સુસંસ્કૃત સમાજ માટે કલંકરૂપ કહી શકાય. સમાજ અને સરકાર પર એવા તો પ્રત્યાઘાત પડયા કે આવા બનાવો ન બને તે માટે ઝડપથી વિચારવાનું થયું. સરકારે કમિટીની રચના કરી, નિર્ણયો લેવાઇ ગયા અને અમલ પણ થવા લાગ્યો. જેમાંનો એક નિર્ણય આંતરિક ગુણાંકન ઘટાડવાનો છે. આ નિર્ણયથી સરકાર અને શિક્ષણ સમાજની બે મોંઢાની વાત સાબિત થાય છે. આ નિર્ણયમાં રોગ મટાડવાની દવા કરવાને બદલે અંગ જ કાપી નાંખ્યું! ઉપરાંત નિંદનીય ઘટનાઓ બે-ચાર કોલેજમાં બની તો તેવી કોલેજોને દાખલો બેસે તેવી શિક્ષા કરી શકાય, પણ સારા શિક્ષકોનું સર્જન કરતી અનેક કોલેજોને તેમની રીતે કામ કરવા દેવું જોઇએ.પી.ટી.સી. પછી ફાર્મસીમાં માંગ ઊઠી, હવે બીજી જગ્યાએ ઊઠશે.

સરકાર અને સૌ શિક્ષિત વ્યક્તિ સમજે છે અને કહે છે કે, આપણે આપણા વિદ્યાર્થીઓને પુસ્તકિયા કિડા બનાવવા નથી. વાત સાચી જ છે કારણકે,વાંચવાથી જ્ઞાન મળશે પણ કૌશલ્ય પ્રાપ્ત નહીં થાય. તે માટે તો અનુભવ આપવો જરૂરી છે. દા.ત. આપણી પાસે જ્ઞાન છે કે, પાણીમાં તરવા માટે માત્ર હાથ-પગ હલાવવાના હોય છે. આ જ્ઞાન સાથે કોઇ ઊંડા પાણીમાં કૂદકો મારે તો? કડીયો દીવાલ પર પ્લાસટર કરે ત્યારે સિમેન્ટ અને રેતીના મિશ્રણને દીવાલ પર લગાવીને મસ્ટર ઘસે છે. આ જ્ઞાન સાથે આપણે પ્લાસ્ટર કરીએ તો? રસોઇઓ દાળશાક બનાવવા મરી મસાલાનો ઉપયોગ કરે છે તે આપણે જાણીએ જ છીએ. આ જ્ઞાન સાથે આપણે દાળશાક બનાવીએ તો? આ દલીલ કોઇપણ કૌશલ્ય માટે લાગું પડે. માત્ર પુસ્તક વાંચીને તરવૈયો, કડિયો કે રસોઇઓ ના બની શકાય. તો પછી પુસ્તક વાંચીને શિક્ષક કેવી રીતે બની શકાય? ડૉક્ટર પુસ્તક વાંચીને ઓપરેશન કરે તો? શું શિક્ષકમાં તરવૈયા, કડિયા કે રસોઇઆ કરતાં ઓછી આવડતની જરૂર પડે છે? ઉપરાંત શિક્ષક માટે માહિતી કરતાં મૂલ્ય વધુ મહત્ત્વનાં છે. આ મૂલ્યો પુસ્તક વાંચવાથી આવશે?

સરકાર અને સમાજ પુસ્તકિયા કિડાનો વિરોધ કરે છે, કૌશલ્ય પર ભાર મૂકે છે, પણ અમલ કરવામાં પુસ્તકને જ પ્રાધાન્ય આપે છે અને કૌશલ્યને ગૌણ કરી નાંખે છે. આંતરિક ગુણાંકનનું ભારણ ઘટાડવું

અને નોકરીમાં માર્કશીટને મહત્ત્વ આપવું તે સરકારની બે મોંઢાની વાતની ચાડી ખાય છે. ઇન્ટરનલગુણ કૌશલ્ય આધારિત હોય છે. ઇન્ટરનલ ઘટાડવાનો અર્થ જ એ થાય છે કે કૌશલ્ય આધારિત બાબતોનું મહત્ત્વ ઘટાડવું. શિક્ષકના વ્યવસાય માટે તાલીમ દરમિયાન ચોક્કસ બાબતોના અનુભવો દ્વારા કૌશલ્ય ખિલવવા જ પડે.. આ સમયે દરેક તાલીમાર્થીએ પ્રાપ્ત કરેલ અનુભવો અને તેની આવડતનું મૂલ્યાંકન પણ કરવું પડે. આ મૂલ્યાંકનને જ આપણે આંતરિક ગુણાંકન કહીએ છીએ. સરકારે પી.ટી.સી.માંથી કેટલાક કૌશલ્યો જ દૂર કરી દીધા! જેથી તેનું મૂલ્યાંકન જ ન કરવું પડે! વળી નોકરી મેળવવા માટે આંતરિક ગુણાંકનનું ભારણ પણ ઘટાડી દીધુ અને પુસ્તકિયા જ્ઞાનનું મહત્ત્વ વધારી દીધું! આમ સીધી રીતે પુસ્તકિયા કિડાનું પ્રોડક્શન શરૂ કરી દીધું. શિક્ષણમાંથી ઇન્ટરનલ ગુણ ઘટાડવાનો અર્થ એ જ થાય કે કૌશલ્ય આધારિત બાબતોનં મહત્ત્વ ઘટાડવું. એક વાસ્તવિકતાનો સ્વીકાર પણ કરવો જ રહ્યો કે, કેટલીક કોલેજોમાં આંતરિક ગુણ યોગ્ય રીતે અપાતા નથી. તો તે માટે ચોક્કસ યોગ્ય દિશાના પ્રયત્નો કરવા જોઇએ, નહીં કે ઇન્ટરનલ માર્કસ દુર કરવા.

હવે શું બનવાની સંભાવના છે તેનો વિચાર કરીએ. શિક્ષક માટે જરૂરી કૌશલ્યો વિકસાવવા માટે અધ્યાપકો દબાણ નહીં કરી શકે, તાલીમાર્થીઓ પણ કહેશે કે અમારે જે અને જેટલું કરવું હશે તેટલું જ કરીશું. શીખવવા માટેની ચોક્સાઇ નહીં રાખે તો પણ ચાલશે. હવે પછી શિક્ષક તરીકે નિમણૂંક પામનાર વ્યકિતમાં વિષયનું જ્ઞાન હશે પણ આવડત નહીં હોય, કદાચ મૂલ્યો પણ નહીં હોય. શિક્ષક તરીકેની આવડત અને નિષ્ઠા નહીં હોય તો પણ પરીક્ષામાં વધુ માર્કસ લાવીને સરળતાથી નોકરી મેળવશે. પરીક્ષામાં વધુ માર્કસ લાવવા શિક્ષક માટે જરૂરી કૌશલ્યો માટે સમય નહીં ફાળવે. પરિણામે માહિતીથી ભરેલા પણ મૂલ્યો અને કૌશલ્ય વિહીન શિક્ષકો ભવિષ્યના સમાજનું ઘડતર કરશે. સરકારના આ નિર્ણયની અસર લાંબાગાળે થશે. ત્યારે રાતા પાણીએ રોવાનો વારો આવશે.

જો પુસ્તકોને જ મહત્ત્વ આપવું હોય, પુસ્તક આધારિત જ શીખવવું હોય અને તેનું જ મૂલ્યાંકન કરીને નોકરી આપવાની હોય તો શાળા-કોલેજોના મકાનો અને શૈક્ષણિક સાધનો માટે અબજોઅબજો રૂપિયાનો ખર્ચ કરવાની જરૂર નથી. શાળા કે કોલેજને પણ મરજિયાત બનાવી દો. દર વર્ષે સરકારે પરીક્ષાની તારીખ જાહેર કરી દેવાની. જેને ઘેર બેસીને જાતે તૈયારી કરીને પરીક્ષા આપવી હોય તેને આપવા દો. આપણા માટે તો પુસ્તકીયું જ્ઞાન જ મહત્ત્વનું છે ને? આમ કરવાથી પરિણામ પણ સારું આવશે. કારણ કે શાળા-કોલેજ આવવા જવાનો સમય બચી જશે. વિદ્યાર્થીને પુસ્તકો વાંચવાનો વધુ સમય મળશે.વાલીને શાળા-કોલેજોની ફી બચશે અને ટ્રાવેલિંગનો ખર્ચ પણ બચશે. અંતે બે પ્રશ્નો... કોઇ મંદીર-આશ્રમમાં આવી ઘટના બની તો સરકાર પૂજાપાઠ-આરતી બંધ કરવાનો આદેશ કરશે? હોસ્પીટલમાં ઓપરેશન દરમિયાન આવી ઘટના બની તો ઓપરેશન કે એનેસ્થેશિયા આપવા પર પ્રતિબંધ મૂકશે? શાળા-કોલેજો પણ મંદિર અને હોસ્પીટલ જેટલાંજ પવિત્ર અને મહત્ત્વના નથી?